Dr. Babasaheb Ambedkar Open University
(Established by Government of Gujarat)
BAOU Education for All

# BAOUમાં 'ભારતીય ભાષા પરિવાર' વિષય પર રાષ્ટ્રીય અધિવેશનનો પ્રારંભ

નવગુજરાત સમય > અમદાવાદ

ભારતીય ભાષા સમિતિ, શિક્ષણ મંત્રાલય, ભારત સરકારના સહયોગથી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) દ્વારા 'ભારતીય ભાષા પરિવાર' વિષય પર બે દિવસીય રાષ્ટ્રીય અધિવેશનનું ગૌરવવંતુ આયોજન કરાયું છે. આ અવસરે પ્રથમ દિવસે શિક્ષણ અને સાહિત્ય જગતના મૂર્ધન્ય વિદ્વાનોની ગરિમામય ઉપસ્થિતિ રહી હતી. મંચ પર યુનિવર્સિટીનાં કુલગુરુ ડૉ. અમી ઉપાધ્યાય, ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા, બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીના કુલગુરુ પ્રો. મધુકરભાઈ પડવી, દિલ્હી યુનિવર્સિટીના પ્રો. રવિ પ્રકાશ ટેકચંદાની તેમજ ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર પ્રો. જયેન્દ્રસિંહ જાદવ ઉપસ્થિત રહ્યા હતા. ઉદઘાટન સત્રના પ્રારંભે ભારતીય ભાષા સમિતિ દ્વારા તૈયાર કરાયેલા બે મહત્ત્વના સંશોધન




ગ્રંથ 'ભારતીય ભાષા પરિવારઃ અ ન્યૂ ફ્રેમવર્ક ઈન લિંગ્વિસ્ટિક્સ' અને 'કલેક્ટેડ સ્ટડીઝ ઓન ભારતીય ભાષા પરિવારઃ પરસ્પેક્ટિવ્સ એન્ડ હોરાઈઝન્સ'નું મહાનુભાવોના હસ્તે વિમોચન કરાયું હતું.

પ્રો. અમી ઉપાધ્યાયે ભારતીય ભાષાઓને માત્ર સંવાદનું માધ્યમ નહીં, પરંતુ સંસ્કાર અને સંસ્કૃતિનો જીવંત વારસો ગણાવી રાષ્ટ્રીય એકતામાં વિવિધતાના ફાળાને બિરદાવ્યો હતો. ભાગ્યેશ જહાએ ભારતીય ભાષાઓના મૂળમાં સંસ્કૃતનો પ્રભાવ દર્શાવી ભાષાને સામૂહિક ચેતનાનું પ્રતિબિંબ ગણાવ્યું હતું. આદિવાસી બોલીઓના મહત્ત્વ અંગે પ્રો. મધુકરભાઈ પડવીએ જણાવ્યું કે આ બોલીઓ ભારતીય ભાષા પરિવારનું અભિન્ન અંગ છે અને લિપિના અભાવે તેને ગૌણ ગણવી ઉચિત નથી કારણ કે, તે જ્ઞાન વહનનું સશક્ત માધ્યમ છે. પ્રો. રવિ પ્રકાશ ટેકચંદાનીએ માતૃભાષામાં મૌલિક ચિંતનને સાચી સ્વતંત્રતાનો આધાર ગણાવ્યો. પ્રો. જયેન્દ્રસિંહ જાદવે સ્પષ્ટ કર્યું કે ભારતીય ભાષાઓ એક જ જ્ઞાનપરંપરાનાં વિવિધ સ્વરૂપો છે અને તેને મૂળ સંસ્કૃતિ સાથે જોડીને જોવી અનિવાર્ય છે. આ સત્રમાં પ્રો. યોગેન્દ્ર પારેખે અતિથિઓનું શાબ્દિક સ્વાગત કર્યું હતું, ડૉ. અર્ચના મિશ્રાએ સંચાલન સંભાળ્યું અને અંતમાં ડૉ. બિંદિતારાની બેહેરા દ્વારા આભારવિધિ કરવામાં આવી.